# તસ્બીહે મોહર્રમુલ હરામ

إِنَّمَا أَشْكُوا بَثِّي وَحُزْنِي إِلَى اللَّهِ وَأَعْلَمُ
مِنَ اللَّهِ مَا لَا تَعْلَمُونَ

**"ઇન્નમા અશકુ બસ્સી વ હુઝની એલલ્લાહ**
**વ આઅલમો મીનલ્લાહે મા લા તાઅલમૂન".**

(૧૨-૮૬)

***માઅના*** -

યાઅકુબ (અ.સ.) એ કહ્યુ કે હું મારા દર્દ-ગમની શીકાયત ફક્ત અલ્લાહની તરફ કરૂં છું અને અલ્લાહની ઝાતે પાકથી મને તે ચીઝનું ઈલ્મ છે જે તમને નથી.

***તશરીહ*** - કુરઆને કરીમમાં આ કલામ યાઅકુબ નબી ફરમાવે છે જે વક્ત આપના લાડલા ફરઝંદ યુસુફ નબી આપથી બીછડી જાય છે. આથી આપના દીલને એ હદ તક સદમો થાય છે કે આપની આઁખોથી ગમના સબબ આઁસુના સૈલાબ જારી થાય છે જેથી આપની આઁખો સફેદ થઈ જાય છે અને આપ નાબીનાઈની હાલતથી મજબૂર થાય છે. ૭૦ માઁઓ પોતાના વાહલા ઈકલૌતા બચ્ચાઓને ખોઈ બેસે અને તેઓને જે દર્દ થાય તે કૈફીય્યતનું દર્દ યાઅકુબ (અ.સ.) ને યુસુફ (અ.સ.) ના ગાઈબ થાવાથી થયું.

યાઅકુબ નબીને વહ્યથી ખબર મીલી ચુકી હતી કે યુસુફ મીલસે મગર યાઅકુબ દર્દની શીદ્દતના સબબ તે બશારતને ભૂલી ગયા હતા. યાઅકુબ નબીને કલેમતુલ ઈસતીરજા *"ઈન્ના લીલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઊન"* ની માઅરેફત ન હતી, તેથી આપે મુસીબતના વક્ત કહ્યુ કે *"યા અસફા અલા યુસુફ"*, જે કલામ સખ્ત દર્દના સબબ અરબી ઝબાનમાં બોલાય છે. આ કલેમતુલ ઈસતીરજાથી તો ઉમ્મતે મોહંમદ (સ.અ.વ.વ.) મખસૂસ છે, આ કલામ કહેનારને સલવાત, હીદાયત અને રેહમત મલે છે.

પાઁચ બક્કાઊન (ઘણા રોનારાઓ) માં યાઅકુબ નબી પણ શામીલ છે જેનું બયતુલ હુઝન (રોવાની જગા) "રમલા" છે. બીજા યુસુફ નબી છે જેનું બયતુલ હુઝન કૈદખાનું છે. ત્રીજા આદમ નબી છે જેનું બયતુલ હુઝન મક્કતુલ મુકર્રમા છે. ચોથા મૌલાતેના ફાતેમા છે જેનું બયતુલ હુઝન મદીનતુલ મોનવ્વરા છે અને પાંચમાં ઈમામ ઝૈનુલ આબેદીન છે જેનું બૈતુલ હુઝન બયતુલ હુસૈન (અ.સ.) મદીનામાં છે. ★